**શહેરી ગરીબોને પોતાના શૌચાલયના બાંધકામ માટે રાજ્ય સરકારની સહાયની રકમ વધારી રૂ. ૮૦૦૦/- મંજુર કરવા બાબત.**

ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ
3 0 APR 2013
ઇન્વર્ડ નંબર ......

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : નમલ/૧૦૨૦૧૨/SF-૧૪/ધ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૪/૦૪/૨૦૧૩

વંચાણે લીધા:-

(૧) શ.વિ અને શ.ગૃ.વિ. ના ઠરાવ ક્રમાંક: સશશ/૧૦૨૦૦૦/૨૩૧/ધ,તા. ૧૭/૦૬/૨૦૦૨ અને ઠરાવ ક્રમાંક : સશશ/૧૦૨૦૦૦/૨૩૧/(૨)/ધ, તા. ૦૯/૦૮/૨૦૦૨.

(૨) શ.વિ અને શ.ગૃ.વિ. ના ઠરાવ ક્રમાંક: સશશ/૧૦૨૦૦૦/૨૩૧/ધ, તા.૦૯/૦૧/૨૦૦૭ તથા તા. ૨૬/૦૬/૨૦૦૭.

(૩) શ.વિ અને શ.ગૃ.વિ ના ઠરાવ ક્રમાંક: નમલ/૧૦૨૦૦૮/૧૩૦૫/ધ, તા. ૨૪/૧૦/૨૦૦૮.

(૪) શ.વિ અને શ.ગૃ.વિ.ના ઠરાવ ક્રમાંક: નમલ/૧૦૨૦૧૨/SF-૧૪/ધ, તા. ૧૨/૦૪/૨૦૧૨.

(૫) શ.વિ અને શ.ગૃ.વિ.ના ઠરાવ ક્રમાંક: નમલ/૧૦૨૦૧૨/SF-૧૪/ધ, તા. ૨૬/૦૯/૨૦૧૨.

આમુખ:-

શહેરી ગરીબોને પોતાના શૌચાલયના બાંધકામ માટે નાણાંકીય સહાય આપવા માટે રાજ્ય સરકારે નિર્મળ ગુજરાત શૌચાલય યોજના અમલમાં મુકેલ છે. આ યોજનામાં વંચાણે લીધેલ અનુક્રમ-૪ અને ૫ આગળ દર્શાવેલ ઠરાવોથી શહેરી ગરીબોને શૌચાલયના બાંધકામ માટે ક્રમશઃ રૂ. ૪૫૦૦/- અને છેલ્લે રૂ. ૬૦૦૦/- ની સહાય ચૂકવવાનું ઠરાવવામાં આવેલ હતુ.

જેમાં સહાયની રકમ વધારી રૂ. ૬૦૦૦/- ની જગ્યાએ રૂ. ૮૦૦૦/- ચૂકવવાની બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

શહેરી ગરીબોને પોતાના શૌચાલયના બાંધકામ માટે સહાય ચુકવવાની યોજના માટે વંચાણમાં દર્શાવેલ વિભાગના તા. ૨૬/૦૯/૨૦૧૨ ના ઠરાવમાં શૌચાલયના બાંધકામ માટે રૂ. ૬૦૦૦/- ની સહાય ચૂકવવાનું ઠરાવેલ હતુ. આ યોજના માટે સહાયની

રકમ હવે રૂ. ૮૦૦૦/- ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ વિભાગના તા. ૧૨/૦૪/૨૦૧૨ના ઠરાવમાં કરેલ આયોજન મુજબ આ યોજનાની કામગીરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સોંપવામાં આવેલ હતી જેમાં ફેરફાર કરી હવેથી આ કામગીરી સક્ષમ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે કરાવવાનુ ઠરાવવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓની પારદર્શક પધ્ધતિથી પસંદગી કરી કામગીરી કરાવવામાં આવે તે નોડલ એજન્સીએ જોવાનું રહેશે. જે સ્વૈચ્છિક સંસ્થાઓ બ્લેક લીસ્ટ થયેલ નથી અને જે સંસ્થાઓ સામે ગેરરીતી અંગેની રજૂઆતો મળેલ ન હોય તેવી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે આ કામગીરી કરાવી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ.કે.ઠાકર)
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન (પત્ર દ્વારા)
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, સર્વે મહાનગરપાલિકાઓ
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર ગાંધીનગર( સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વીનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર, રાજકોટ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- ટ્રેઝરી ઓફીસરશ્રી, ગાંધીનગર ટ્રેઝરી, ગાંધીનગર
- રોકડ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ.